જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૪/૨૦૨૩ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૦૭ લીટર દેશી દારૂ, ૩૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૯૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૫૯૯/૨૦૨૩

**નરોડાઃ** અમૃતભાઇ બબલદાસ પટેલ (રહે. શિવદર્શન સોસાયટી ગાયત્રી સ્કુલની બાજુમાં પાયલનગર નજીક નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૩ કલાક ૦૦/૧૫ થી સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા જી.આઇ.ડી.સી ફેઝ-૧ પ્લોટ નં-૧૮૨/૧૨,૧૩,૧૪ માં આવેલ પ્રિમીયર એંજીનીયરીંગ એન્ડ ઇક્યુપમેન્ટ નામની કંપનીના સ્ટોરરૂમની ઓફીસમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી ચાંદીના સિક્કા કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨,૭૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૮૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૬૦૦/૨૦૨૩

**ખોખરાઃ** કિશન ગૌતમભાઇ ગોહેલ (ઉ.વ.૨૮) (રહે. ફલેટ નંબર-૫ ભાગ્યોદયનગર હાટકેશ્વર ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૩ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.નાણાવટી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી